મધ્યાહન ભોજન યોજના માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે
આદિજાતિ વિસ્તાર પેટા યોજના પ્લાન સદરે માંગણી નં.૯૬
હેઠળ રૂ.૬૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી
આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૦/૧૨૭૬ /૨,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫ /૦ ૪/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૪/૧૨/૨૦૦૩ અને તા.૦૩/૦૫/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક-મભય/૧૩૨૦૦૩/૧૨૬૭/૨
(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૦૭/૦૪/૧૫ના પત્ર ક્રમાંક:મભય/હસબ/વહીવટી મંજુરી/૨૦૧૫-૧૬/૩૦૪૪

ઠરાવ –

સંદર્ભ-(૧)ના ઠરાવોથી રાજયના આદિજાતિ વિસ્તારની ધોરણ ૧ થી ૮ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને કન્યાદીઠ વાર્ષિક ૬૦ કિલો ગ્રામ લેખે કુટુંબદીઠ બે કન્યાઓ માટે ૧૨૦ કિલો ગ્રામ મફત અનાજ વિતરણની યોજનાને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ-(૨)ના કમિ.મ.ભો.યો.ના પત્રથી મધ્યાહન ભોજન યોજના માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે આદિજાતિ વિસ્તાર પેટા યોજના પ્લાન સદરે માંગણી નં.૯૬ હેઠળ રૂ.૬૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવેલ જે સરકારની વિચારણા હેઠળ હતી.

૨/ પુખ્ત વિચારણાને અંતે રાજયના આદિજાતિ વિસ્તારની ધોરણ ૧ થી ૮ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને કન્યાદીઠ વાર્ષિક ૬૦ કિલો ગ્રામ લેખે કુટુંબદીઠ મહત્તમ બે કન્યાઓ માટે ૭૦ % હાજરીની શરતે ૧૨૦ કિલો ગ્રામ મફત અનાજ વિતરણની યોજના માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે આદિજાતિ વિસ્તાર પેટા યોજના પ્લાન સદરે માંગણી નં.૯૬ હેઠળ રૂ.૬૦૦૦.૦૦ લાખ ( એકે રૂપિયા સાઇઠ કરોડ)ની બજેટ જોગવાઇને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૨)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
(૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
(૫)આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
(૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનો રહેશે.
(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશ મેળવી લેવાના રહેશે.

(૯)આઇ.ટી.સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો વખતેની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧)તા.૧/૪/૨૦૧૫ થી ખર્ચ કરવાનો રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુક્ત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૪/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (શિ.)ની તા.૧૧/૦૪/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.મનસુરી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.